કેએસવી પત્રકારત્વ વિભાગના

વિદ્યાર્થીઓની મુખ્યમંત્રી સાથે શુભેચ્છા મુલાકાત

સર્વ વિદ્યાલય કેળવણી મંડળ સંચાલિત પત્રકારત્વ વિભાગના વિદ્યાર્થીઓએ રાજ્યના મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીની શુભેચ્છા મુલાકાત લીધી હતી, વિભાગના અભ્યાસ સંયોજક મિતેષ મોદી આ પ્રસંગે વિદ્યાર્થીઓ સાથે ઉપસ્થિત રહ્યા હતા. મુખ્યમંત્રી દ્વારા આયોજિત 'મોકળા મને' કાર્યક્રમ નિહાળવા ગયેલા યુવા વિદ્યાર્થીઓને મુખ્યમંત્રી મોકળા મને મળ્યા હતા અને તેમને અભિપ્રેરીત કર્યા હતા.

કલોલ કૉલેજના

અધ્યાપક ડૉ. આંબેડકર સેવાશ્રી નેશનલ એવોર્ડથી સન્માનિત

ગાંધીનગર, તા. ૧૧

કલોલ તાલુકા કેળવણી મંડળ સંચાલિત શ્રી પી. એચ. જી. મ્યુનિ. આર્ટ્સ એન્ડ સાયન્સ કોલેજ કલોલમાં એસોસિયેટ પ્રોફેસર તરીકે ફરજ બજાવતા ડો. એચ. કે. સોલંકીને ભારતીય દલિત સાહિત્ય અકાદમી દિલ્હી દ્વારા એમની વિશિષ્ટ સેવાઓને બિરદાવીને ડો.બાબા સાહેબ આંબેડકર સેવાશ્રી નેશનલ એવોર્ડ ૨૦૧૯થી સન્માનિત કરવામાં આવ્યા છે.

આ એવોર્ડ રાજ્ય સભાના સાંસદ ડૉ. સત્યનારાયણ જેટિયા (ચેરમેન , માનવ સંસાધન, ભારત સરકાર)ના હસ્તે દિલ્હીમાં એનાયત કરી શાલ ઓઢાડીને ડૉ. સોલંકીનું સન્માન કરવામાં આવ્યું હતું. દર વર્ષે સાહિત્ય, સંગીત,સામાજિક સેવા અને વિશિષ્ટ કામગીરી બદલ દિલ્હીમાં કમિટી દ્વારા નામોની પસંદગી કરી એવોર્ડ અપાય છે. ડો.એચ.કે.સોલંકીએ કોલેજમાં શિક્ષણની સાથે સાથે ડો.બાબા સાહેબ આંબેડકર ઓપન યુનિ.ના કો ઓર્ડીનેટર તરીકે પણ સેવાઓ આપી રહ્યા છે અને અનેક સામાજિક ઉપક્રમો સાથે સક્રિય રીતે જોડાયેલા છે.

કલોલ તાલુકા કેળવણી મંડળ, આચાર્ય ડૉ. કે. સી. દેશમુખ અને તમામ સંસ્થાઓના આચાર્ય, સ્ટાફ અને વિદ્યાર્થીઓએ આ વિશિષ્ટ એવોર્ડ બદલ તેમને શુભેચ્છાઓ પાઠવી છે. સામાજિક સેવાના અવિરત રથ પર બિરાજમાન થઈને પ્રેરણાનાં પથ પર સમાજને આગળ વધારવાના સંકલ્પ બદલ ચોતરફથી તેમના પર અભિનંદનની પુષ્પ વર્ષા થઈ રહી છે.

જન્મદિને વધામણી

યુવરાજ પરેશભાઈ રાવળ
મો. ૯૯૯૮૫ ૫૭૨૩૩

હંસાબેન જે ઘેડીયા
મો. ૯૭૨૩૮ ૪૪૧૦૦

શ્રીમતી આર એન પટેલ પ્રાથમિક શાળામાં બાલોત્સવ

સર્વ વિદ્યાલય કેળવણી મંડળ સંચાલિત શ્રીમતી આર એન પટેલ પ્રાથમિક શાળા ખાતે બાલોત્સવની ઉજવણી હાથ ધરવામાં આવી હતી. સંસ્થા પરિસરમાં સ્થિત શેઠ શ્રી ખીમજી વિસરામ હૉલમાં આ બાલોત્સવ ઉજવાયો હતો. ધોરણ-૧થી ૮ના ૭૨ વિદ્યાર્થીઓએ અભિનય, ડાન્સ, ગીત, ફેશન શો જેવી સ્પર્ધાઓમાં ભાગ લઈ વાતાવરણને રંગીન બનાવી દીધું હતું. શિક્ષકોએ આ સર્જનાત્મકતા માટે વિદ્યાર્થીઓને માર્ગદર્શન પૂરું પાડ્યું હતું. શિક્ષક નીતાબેન અને આશિષભાઈ વસાવા દ્વારા સમગ્ર કાર્યક્રમનું સંચાલન કરવામાં આવ્યું હતું.

શંકરસિંહ વાઘેલા બાપુ ઈન્સ્ટિટ્યૂટ ઓફ ટેક્નોલોજીમાં

ઉદ્યોગ સાહસિકતા વિકાસ પ્રોગ્રામ મોડ્યુલની શરૂઆત

ગાંધીનગર, તા. ૧૧

બાપુ ગુજરાત નોલેજ વિલેજ સંચાલિત શંકરસિંહ વાઘેલા બાપુ ઈન્સ્ટિટ્યૂટ ઓફ ટેક્નોલોજીમાં ઉદ્યોગ સાહસિકતા વિકાસ સંસ્થાન (ગુજરાત સરકાર)ના સહાયથી તા. ૧૧/૧૨/૨૦૧૯થી તા. ૨૮/૧૨/૨૦૧૯ સુધી વિદ્યાર્થીઓને શિક્ષણ અને ઉદ્યોગ વચ્ચે રહેલા તકનીકી ફેરફારોનું જ્ઞાન મળે તેમનામાં ઉધોગ વિકસાવવાની સુઝ કેળવાય તે હેતુથી 'એન્ટરપ્રિનીયોર ડેવલોપમેન્ટ પ્રોગ્રામ મોડ્યુલ' કાર્યક્રમ આયોજિત કરવામાં આવ્યો છે.

આ કાર્યક્રમમાં ઍન્જિનીયરિંગ કોલેજમાથી આશરે ૧૫ જેટલા વિધ્યાર્થીઓ પસંદ પામ્યા છે. આ વિદ્યાર્થીઓને ઉદ્યોગ અને શિક્ષણના ૧૦ અલગ-અલગ ક્ષેત્રના તજજ્ઞો દ્વારા ઉદ્યોગ સાહસિકતાના ગુણ વિકસાવવા માટેની અલગ-અલગ ટેકનીક અને ભવિષ્યમાં ઉદ્યોગ વિકસાવવાનું જ્ઞાન આપવામાં આવશે. સમગ્ર કાર્યક્રમનું સંચાલન મિકેનીકલ ડિપાર્ટમેન્ટના પ્રો. રીદ્ધિશ ઠાકોર દ્વારા કરવામાં આવી રહ્યું છે.

સી.બી.ઍસ.સી. હવે વિદ્યાર્થીઓને આર્ટીફિશિયલ ઈન્ટેલિજન્સ શિખવશે

ગાંધીનગર, તા. ૧૧

સેન્ટ્રલ બોર્ડ ઓફ સેકન્ડરી એજ્યુકેશનની શાળાઓમાં અભ્યાસ કરતા ધો.૮, ૯ અને ૧૦ના વિદ્યાર્થીઓ માટે 'આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ'નો વિષય અભ્યાસક્રમમાં સામેલ કરવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. દેશની તમામ ઝમ્જીઈ શાળાઓમાં આ અભ્યાસક્રમ ભણાવવામાં આવશે. અભ્યાસક્રમને લઈને કેન્દ્ર સરકાર દ્વારા શાળાના શિક્ષકોને તાલીમ આપવાનું પણ શરૂ કરી દીધું છે. ઉપરાંત જે શાળાઓમાં શિક્ષકોને તાલીમ આપી દેવામાં આવી છે ત્યાં વિષય ભણાવવાની શરૂઆત પણ કરી દેવામાં આવી છે. જોકે, જે તે રાજ્યના શિક્ષણ બોર્ડ તેમના અભ્યાસક્રમમાં વિષય સામેલ કરવા અંગે પોતાની રીતે નિર્ણય લઈ શકે છે તેમ સૂત્રોએ જણાવ્યું હતું

સીબીઍસઈની તમામ શાળાઓમાં 'આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ' વિષય ભણાવવામાં આવશે. હાલમાં આ વિષય ધો.૮, ૯ અને ૧૦ના વિદ્યાર્થીઓ માટે ડિઝાઈન કરવામાં આવ્યો છે. સમગ્ર દેશની તમામ સીબીઍસઈ શાળાઓમાં આ વિષયને ભણાવવામાં આવશે અને તેના માટે ઘણા રાજ્યના શિક્ષકોને તાલીમ પણ આપવામાં આવશે. આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ વિષય માટે શિક્ષકોને આપવામાં આવનારી તાલીમ માટે કેન્દ્ર સરકાર દ્વારા ઈન્ટેલ, માઈક્રોસોફ્ટ, આઈબીએમ જેવી પ્રસિદ્ધ આઈટી કંપનીઓ સાથે કરાર પણ કર્યો છે. જે અંતર્ગત આ કંપનીઓ શિક્ષકો અને આચાર્યોને ટ્રેનિંગ આપી રહી છે.

દેશના જુદાજુદા ભાગોમાં કેન્દ્ર સરકાર ૪૧ ટ્રેનિંગ કાર્યક્રમ પૂર્ણ કરી ચુકી છે. કેન્દ્ર સરકારે ખાનગી શાળાઓને પણ આમા સામેલ કર્યા છે. આ ટ્રેનિંગ કાર્યક્રમમાં અત્યાર સુધી ૧૬૯૦ શિક્ષકને આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ ભણાવવા માટે તાલીમ આપી દેવામાં આવી છે. જ્યાં તાલીમનું કામ પૂર્ણ થયું છે ત્યાં આ વિષય પણ ભણાવવાનું શરૂ કરી દેવામાં આવ્યું છે. આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ વિષયનો અભ્યાસક્રમ તમામ શાળાોને મોકલી દેવામાં આવ્યો છે. ઉપરાંત સીબીઍસઈની વેબસાઈટ પર પણ આ અભ્યાસક્રમ મૂકવામાં આવ્યો છે. આ વિષયને અભ્યાસક્રમમાં સામેલ કરવા પાછળનો મુળ હેતુ આગામી પેઢીને વધુ જાગૃત કરવા અને અભ્યાસની પ્રક્રિયાને એક સ્તર ઉપર લઈ જવાનો છે.

કામધેનુ યુનિવર્સિટી, ગાંધીનગર દ્વારા

પ્લેજીયારીઝમ ડીટેકશન સોફટવેરની ઑનલાઈન તાલીમ યોજવામાં આવી

ગાંધીનગર, તા. ૧૧

કેન્દ્ર સરકારની વિશ્વવિદ્યાલય અનુદાન આયોગ દ્વારા ભારતની બધી જ યુનિવર્સિટીઓમાં પી.જી. અને પી.એચડી. ની થીસીસ, સંશોધન, લેખ વિગેરેમાં થતી સાહિત્ય ચોરી રોકવા માટે પ્લેજીયારીઝમ ડીટેકશન સોફટવેરનો ઉપયોગ ફરજીયાત કરવા જણાવવામાં આવ્યું છે. વિશ્વવિદ્યાલય અનુદાન આયોગ દ્વારા શૈક્ષણિક અખંડિતતાને પ્રોત્સાહન આપવા અને સંશોધન લેખો તેમજ થીસીસમાં થતી સાહિત્ય ચોરીને અટકાવવા અને તેનો અમલ કરવા ઉચ્ચ શિક્ષણમાં વિશ્વવિદ્યાલય અનુદાન આયોગ દ્વારા ૨૦૧૮માં વિનિમયો બનાવવામાં આવ્યા છે. જેથી એકેડેમિક સામગ્રી અને તેની બનાવટમાં મૌલિકતા તેમજ સારી સર્જનશક્તિ અને નવા વિચારો ધરાવતાં વૈજ્ઞાનિકોના કાર્યનું રક્ષણ થાય. જે અનુસંધાને કામધેનુ યુનિવર્સિટીના પ્રાધ્યપકો તથા વિદ્યાર્થીઓને તે અંગે યોગ્ય જાણકારી મળી રહે તે હેતુથી ૧૦ ડિસેમ્બર, ૨૦૧૯ ના રોજ ઓન લાઈન તાલીમનું આયોજન કરવામાં આવ્યુ હતું. આ તાલીમનું ઉદઘાટન કામધેનુ યુનિવર્સિટીના કુલપતિ ડો. એન. એચ. કેલાવાલા દ્વારા કરવામાં આવ્યું હતું. તેમણે યુનિવર્સિટી સ્તરે પ્લેજીયારીઝમ સોફટવેરનો ફરજીયાત ઉપયોગ કરવા જણાવ્યુ હતું. આથી સંશોધનમાં નવિનીકરણ આવશે, સંશોધન ક્ષેત્રે શૈક્ષણિક અખંડિતતા વધશે અને બૌધિકતામાં વધારો થશે. આ ઉપરાંત, કામધેનુ યુનિવર્સિટીના વિસ્તરણ શિક્ષણ નિયામક ડો. પી. એચ. વાટલીયા ઉપસ્થિત રહ્યા હતા. આ કાર્યક્રમનું આયોજન ડો. આર. જી. શાહ, સહસંશોધન નિયામક અને નોડલ ઓફિસર દ્વારા કરવામાં આવ્યું હતું. તેમણે પ્લેજીયારીઝમ ડીટેકશનના સોફટવેર અંગેની પ્રાથમિક નિતિઓ અને અવલોકનની માહિતી આપી હતી. આ તાલીમમાં વેટરનરી, ફીશરીઝ, એમ.આઈ.ડી.એફ.ટી અને કોલેજ ઓફ ડેરી સાયન્સના કુલ ૨૫ જેટલા પ્રાધ્યાપકો અને વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતા.

મેઘા મલાણી દ્વારા તાલીમાર્થીઓને URKUND સોફટવેરના ઉપયોગ અંગેની તાલીમ વિગતવાર આપવામાં આવી હતી અને વિદ્યાર્થીઓ દ્વારા પૂછવામાં આવેલા પ્રશ્નોના સંતોષકારક ઉત્તરો પણ તેમણે પાઠવ્યા હતા.

રૉટરી ક્લબ અને સહયોગી સંસ્થાઓ દ્વારા

આજે સે. ૨૮ જીઆઈડીસીમાં ફાસ્ટ ટેગ માર્ગદર્શન-વિતરણ કેમ્પ

ગાંધીનગર, તા. ૧૧

સરકાર દ્વારા ટોલ ટેક્સ પર ટ્રાફિક નિયમન માટે ફાસ્ટ ટેગની શરૂઆત થઈ રહી છે જેના ભાગરૂપે રોટરી કલબ ઓફ ગાંધીનગર દ્વારા હરસોલિય બ્રધર્સ અને એન. એચ. એ. આઈ.ના સહયોગથી ફાસ્ટ ટેગ (Fas Tag) જાગૃતિ અને નિશુલ્ક ટેગ વિતરણની કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે, જેનો લાભ લેવા સૌ નાગરિકોને ક્લબ દ્વારા આમંત્રણ પાઠવવામાં આવ્યું છે.

તા. ૧૨ અને ૧૩ ડિસેમ્બર દરમિયાન સવારે ૧૦થી સાંજના ૫ કલાક દરમિયાન આ કાર્યક્રમ ટાટા મોટર્સ - હરસોલિયા બ્રધર્સ, જીઆઈડીસી, સૅક્ટર-૨૮, ગાંધીનગર ખાતે યોજાશે. ફાસ્ટ ટૅગ મેળવવા માગતા નાગરિકોએ પોતાની કાર સાથે લાવવાની આવશ્યકતા નથી, પરંતુ કારના દસ્તાવેજ - આર સી બૂકની નકલ, ડ્રાઈવિંગ લાયસન્સની નકલ સાથે લાવવાની રહેશે, સાથે પેટીઍમમાં ૧૫૦ રૂપિયાનું બેલેન્સ રાખવાનું રહેશે, જે ૬ કલાકમાં તેમને પરત મળી જશે.

આ અંગેની વધુ માહિતી માટે બાબા હરસોલીયા (૯૮૨૫૦ ૭૦૪૧૧), ભાવેશ પારેખ (૯૯૭૮૧ ૩૫૬૯૨), મહાવીર (૯૫૧૨૦ ૧૧૦૦૨) અથવા જીશન (૯૭૨૫૨ ૧૨૦૦૨)નો સંપર્ક કરવા આ અંગેની એક અખબારી યાદીમાં જણાવવામાં આવ્યું છે.

૧૮મીથી અમદાવાદમાં ગુજરાત લિટરેચર ફેસ્ટિવલ

ગાંધીનગર, તા. ૧૧

ગુજરાતના સૌપ્રથમ અને સૌથી લોકપ્રિય તથા મોટા સાહિત્ય મેળાવડા — ગુજરાત લિટરેચર ફેસ્ટિવલની આઠમી આવૃત્તિનું આયોજન આગામી ડિસેમ્બર ૧૮થી ૨૨ દરમિયાન ગુજરાત યુનિવર્સિટી કેમ્પસ, અમદાવાદ ખાતે થવા જઈ રહ્યું છે. ફેસ્ટિવલ આ અગાઉ અમદાવાદમાં પાંચ વખત અને વડોદરામાં બે વખત યોજાઈ ચૂક્યો છે. સાહિત્યની મોજ સાથે સાથે ગુજરાતી તથા અન્ય ભાષાઓના સાહિત્યકારોને મળવાનો અને સંવાદ કરવાનો મોકો આપતા, આ ફેસ્ટિવલને લોકોએ વર્ષોવર્ષ વધાવી લીધો છે. તેને કારણે આ વર્ષે ફેસ્ટિવલના નેજા હેઠળ દર વર્ષે યોજાતા ત્રણ ફેસ્ટિવલ્સ - ગુજરાતી સાહિત્ય મહોત્સવ, ફાઉન્ટેનહેડ અને ટાબરિયાં ઉપરાંત ત્રણ નવા ફેસ્ટિવલ્સ રજૂ થઈ રહ્યા છે - ઈન્ડિયન સ્ક્રીનરાઇટર્સ ફેસ્ટિવલ, બિઝ લિટફેસ્ટ અને આર્ટફેસ્ટ.

આ વિશિષ્ટ ફેસ્ટિવલમાં ૨૦૦ થી વધુ વક્તાઓ, લેખકો, અને કલાકારો ફેસ્ટિવલમાં ભાગ લેશે અમદાવાદમાં સૌપ્રથમ વખત ઈન્ડિયન સ્ક્રીનરાઇટર્સ ફેસ્ટિવલ યોજાશે. ઉપરાંત ફેસ્ટિવલમાં આ વર્ષથી રાજ્યના ઉદ્યોગ સાહસિકતાના મિજાજને વધાવતા ફેસ્ટિવલ BizLitFest નું આયોજન થશે

ગુજરાતના કલા, સ્થાપત્ય અને ઐતિહાસિક વારસાની ઉજવણી કરતો ફેસ્ટિવલ ArtFest યોજાશે. ગુજરાતી સેશન્સના મહત્તમ પ્રોગ્રામિંગ ઉપરાંત હિંદી, અંગ્રેજી ભાષાનાં સેશન્સ પણ આ ફેસ્ટિવલનો મહત્ત્વનો ભાગ બનશે.

ઈન્ડિયન સ્ક્રીનરાઇટર્સ ફેસ્ટિવલ - હિંદી સિનેમાનાં આગવી અભિવ્યક્તિ ધરાવતાં સ્ક્રીનરાઇટર્સ સાથે સંવાદ થશે. આ અનોખા ફેસ્ટિવલનું આયોજન સ્ક્રીનરાઇટર્સ એસોસિએશન ઓફ ઈન્ડિયા સાથે મળીને સંયુક્ત રીતે થઈ રહ્યું છે. બાલાથી માંડીને વર્ષ ૨૦૧૯ દરમિયાન આવેલી અનેક હિન્દી ફિલ્મોના અંદાજે ૩૦ ઉપરાન્ત લેખકો હાજરી આપશે સ્ક્રિનરાઈટિંગ શીખવાડવા માટે ૮ વર્કશોપ્સ યોજાશે. આ વર્ષનો ફેસ્ટિવલ શહેરના હાર્દ સમા ગુજરાત યુનિવર્સિટી કેમ્પસમાં યોજાશે. શીલા ભટ્ટ દ્વારા સ્થાપિત કાંતિ ભટ્ટ સ્મૃતિ એવોર્ડ્સ પણ આ ફેસ્ટિવલ અંતર્ગત એનાયત કરવામાં આવશે.

ફેસ્ટિવલમાં યોજાનારાં સેશન્સ અને પર્ફોર્મન્સ

- વ્હિસ્લિંગ વૂડ્ઝ ઈન્ટરનેશનલ અને સ્ક્રેઈનરાઈટર્સ એસોસિએશન ઓફ ઈન્ડિયા સાથે મળીને સંયુક્ત રીતે ૫ દિવસના સ્ક્રીનરાઇટર્સ વર્કશોપ સહિત જુદા જુદા કુલ ૮ વર્કશોપ્સ યોજાશે.
- નવાં લેખકો અને નવાં પુસ્તકો વિશે બુક ટૉક્સ અને પુસ્તક વિમોચનનાં ૧૦થી પણ વધારે સેશન્સ
- આવતી પેઢીને ગુજરાતીના સિદ્ધહસ્ત લેખકો અને તેમના સાહિત્યનો પરિચય આપતાં ૧૦ ઉપરાંત કાર્યક્રમો
- કાજલ ઓઝા વૈદ્ય અભિનિત નાટક 'એકલો જાને રે'ની વિશિષ્ટ રજુઆત
- ગુજરાતના વિવિધ નગરોનાં રંગકર્મીઓ અને તેમની નાટ્ય પ્રવૃત્તિ વિશે સંવાદ
- ગુજરાતી ભાષામાં વેબ સિરીઝના નવા સ્વરૂપનું ખેડાણ કરનારા યુવા સર્જકો સાથે વાતચીત
- ગુજરાતી લેખક અને વક્તા જય વસાવડા વાત કરશે વિસરાઈ ગયેલી પરીકથાઓ વિશે
- શેક્સપિયરના સાહિત્યને પોતાની હિંદી ફિલ્મો (ઓમકારા, હૈદર, મકબૂલ)થી જન સામાન્ય સુધી પહોંચાડનારા ડિરેક્ટર વિશાલ ભારદ્વાજ સાથે સંવાદ
- હિંદી સિનેમા જગતમાં ઇતિહાસ રચનારી ફિલ્મ બાહુબલીના લેખક વિજયેન્દ્ર પ્રસાદ સાથે વાતચીત
- કાર્ટૂનિસ્ટ, લેખક અને જળ સંગ્રહનું વિશિષ્ટ અભિયાન આદરનારા આબિદ સુરતી સાથે સંવાદ
- આર્ટફેસ્ટમાં વિશ્વવિખ્યાત આર્કિટેક્ટ બાલકૃષ્ણ દોશીનું પ્રવચન
- બ્રિટાનિયા ઇન્ડસ્ટ્રિઝના ભૂતપૂર્વ મેનેજિંગ ડિરેક્ટર અને ચીફ એક્ઝિક્યુટિવ ઓફિસર સુનિલ અલઘ બિઝલિટ ફેસ્ટમાં પોતાનું વક્તવ્ય આપશે.
- સ્ક્રીનરાઇટર્સ એસોસિએશનના પ્રેસિડેન્ટ રોબિન ભટ્ટ તથા વરિષ્ઠ સ્ક્રીન રાઇટર અંજુમ રજબઅલી ઈન્ડિયન સ્ક્રીનરાઇટર્સ ફેસ્ટિવલમાં વક્તવ્ય આપશે.
- જાણિતાં કલાકાર અને કાલા ઘોડા આર્ટ ફેસ્ટનાં ફેસ્ટિવલ ડિરેક્ટર બ્રિંદા ચુડાસમા મિલર (આર્ટ મીટ્સ આર્કિટેક્ચર) સેશનનાં એક પેનલિસ્ટ બનશે.